# અડાલજના બાળકના અપહરણકર્તા દંપત્તિની ધરપકડ

અડાલજ થી ઝુંડાલ માર્ગ પર શાંતિવન-૧ અને ૨ તરફ જવાના ટી રોડ પાસે થી ચાર દિવસ અગાઉ ૨ માસના બાળકનું અપહરણ થયું હતું. સાયકલ પાછળ ઝુલામાં મુકી તેની માતા નજીક આવેલા ખાડામાં કાગળ વીણવા માટે ગઈ હતી. તે સમય દરમિયાન કોઈ શખ્સ સાયકલના ઝુલામાંથી ગણતરીની મિનિટોમાં બાળકનું અપહરણ થયું હતું. અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની વિવિધ ટીમોએ રાત દિવસ કામ કરીને ૫૦૦ થી વધુ સીસીટી વી ફુટેજ ચેક કરીને રાજસ્થાનના બાંસવાડાના અંતરીયાળ ગામ તોરણા થી બાળકને હેમખેમ બચાવી લઈ તેના પરિવારને સોંપ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા એ બાળકના અપહરણ કેસની ગંભીરતાને ધ્યાને લઈ બાળક તેમજ અપહરણ કરનાર આરોપીઓને શોધી કાઢવા જરુરી સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૧ અને ૨, એસઓજી, અડાલજ પોલીસની વિવિધ ટીમો અગલ અલગ દિશામાં કામે લાગી ગઈ હતી. આ અપહરણ કેસમાં નજરે જોનાર કે નજીકના વિસ્તારમાં સીસીટીવી કેમેરા પણ નથી તો બીજીતરફ અપહરણ કરનાર મહિલા છે કે પુરુષ તેમજ કોઈ વાહનમાં બાળકને લઈ ગયા છે કે કેમ તે અંગે કોઈ માહિતી ન હોવાથી આ કેસ પોલીસ માટે ચેલેન્જ સમાન હતો.

એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલા, એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલા એસઓજી પીઆઈ ડી.બી. વાળા, અડાલજ પીઆઈ જે.એચ.સિંધવ સહિત સ્ટાફના જવાનોએ સીસીટીવી ફુટેજની ચકાસણી, ટેકનીકલ સર્વેલન્સ, ખાનગી બાતમીદારોથી માહિતી મેળવવા અંગે વિવિધ કામગીરી સોંપી હતી. તે દરમિયાન એલસીબી-૨ ટીમના હરદેવસિંહ, કેવલસિંહ અને નરેશકુમાર, સુરેન્દ્રસિંહને અપહરણ થયુ હતુ તે સ્થળની દુર આવેલી એક રહેણાંક વિસ્તારની સોસાયટીના ફુટેજ ચેક કરતા એક બાઈક આગળ જઈને યુ ટર્ન મારી પરત આવતા તેના પર શંકા ગઈ હતી. પરંતુ બાઈકનો નંબર દેખાતો ન હતો. બાઈકનો નંબર, કંપની તેમજ ચાલકના બાંધા આધારે વિવિધ બાઈકના નંબર ટ્રેસ કર્યા હતા.જયારે શંકાસ્પદ બાઈક અડાલજ ગાંધીનગરના સીસીટીવી ચેક કરતા સે-૨૧ ખાતે દેખાયુ હતું. બાઈકની પેટ્રોલ ટાંકી પર લાલ કલરના કપડામાં એક બાળક જેવુ જણાતા શંકા પ્રબળ બની હતી. જયારે બાઈક સીટની પાછળ એક મહિલા બેઠી હતી અને બાઈક ચિલોડા તરફ ગયુ હતું. ચિલોડા, દહેગામ, મોડાસા મેઘરજ થઈ બાઈક બાંસવાડા તરફ જતુ જણાયું હતું. પોલીસે બાઈકના માલિક અંગે તપાસ કરતા બાઈક બાંસવાડાના રહેવાસી દિનેશને આપ્યું હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસની ટીમો બાંસવાડાના અંતરીયાળ વિસ્તારમાંથી માહિતી મેળવી તોરણા ગામે ખેતરની ઝુપડીમાંથી અપહરણ થયેલા બાળક અને મહિલાને પકડી પાડી હતી. ત્યારબાદ મહિલાને વિશ્વાસમાં લઈ તેના પતિને સ્થળ પર બોલાવવામાં આવ્યો હતો અને તે સ્થળ પર આવતા તેને પણ પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે તેનું નામ પુછતા તેણે દિનેશ પ્રેમજી કટારા અને તેની પત્ની સુઘના દિનેશ કટારા હોવાનું જણાવ્યું હતું. જયારે આરોપીએ પોતાને સંતાન ન હોવાથી સંતાનની ઈચ્છામાં પતિ-પત્નિએ સાથે મળી બાળકનું અપહરણ કર્યુ હતું. પોલીસે દંપતિને પકડી પાડી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પોલીસ જવાનોએ ૫૦૦ થી વધુ સીસીટીવી ફુટેજ ચેક કર્યા

પોલીસ સ્ટાફના હરદેવસિંહ, સજ્જાદ હુસેન, કેવલસિંહ અને જાગૃતિબાએ બે દિવસ સુધી રાત દિવસ એક કરીને બાળકને શોધવા માટે અડાલજ, સરગાસણ, સેકટર-૩૦, ચિલોડા, દહેગામ, રખીયાલ, મોડાસા, મેઘરજ અને બાંસવાડા વિસ્તારના અંદાજીત ૫૦૦ થી વધુ સીસીટીવી ફુટેજ ચેક કરીને અપહરણકર્તા સુધી પહોંચ્યા હતા.

### બાળકનું બે માસમાં બીજીવાર અપહરણ

સિવિલમાંથી નવજાત બાળકનું અપહરણ થયા બાદ પોલીસે રાત દિવસ એક કરીને બાળકને બનાસકાંઠામાંથી હેમખેમ બચાવી લઈને તેની માતાને સોંપ્યુ હતું.ત્યારે બીજીવાર તે બાળકનું અપહરણ થતા પહેલા અપહરણ કરી ને લઈ ગયેલા દંપતિની પણ પોલીસે પુછતાછ કરી હતી.



## દંપતિએ શહેરમાં પણ બાળક ઉઠાવી જવા રેકી કરી હતી

અડાલજ થી બાળકનું અપહરણ કર્યું તે પહેલા દંપતિએ ગાંધીનગર એસટી ડેપો નજીક આવેલી ઝુંપડપટ્ટી વિસ્તારમાં બાળકને ઉઠાવી જવા રેકી કરી હતી. પરંતુ બાળકની માતા સતત સાથે રહેતી હોવાથી તે બાળકનું અપહરણ કરી શક્યા ન હતા. ત્યારબાદ સે-૨૨ પંચદેવ મંદિર નજીક પણ એક બાળકનું અપહરણ કરવા રેકી કરી હતી. પરંતુ આસપાસના વિસ્તારમાં અસંખ્ય નાગરીકો હોવાથી તે પ્લાન પણ નિષ્ફળ ગયો હતો.તે ઉપરાંત અમદાવાદના ઘોડાસરમાં પણ બાળકને ઉઠાવી જવા રેકી કરી હતી પરંતુ તેમાં પણ સફળ થયા ન હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભા જે ગણત્રીની મિનિટોમાં આટોપી લેવાઈ તેણે રાજકીય ગરમાવો લાવી દીધો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા બાદ ભાજપના ચૂંટાયેલા સભ્યો નવનિયુક્ત પ્રમુખને મળવા કમલમ્ સે. ૨૧ ખાતે પહોંચ્યા તા.
- ગાંધીનગર શહેરમાં કોવિકસીન રસીનો બીજો ડોઝ આપવાની ઝુંબેશનો આજથી આરંભ થશે.
- ગાંધીનગર શહેરમાં હવે ગેરકાયદે દબાણો શોધવાની જવાબદારી પણ પોલીસને સોંપવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની બેઠકમાં આજે સભ્યોને વેફર, સમોસા અને કાજુ કતરી તેમજ ઢોકળાનો નાસ્તો પિરસવામાં આવ્યો હતો.
- સરઢવ પ્રગતિ મંડળ અમદાવાદ દ્વારા મંડળના સભ્યોના બાળકોને સરસ્વતી વંદના નોટબુકનું વિતરણ શરૂ કરાયુ છે.
- આગામી પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને વરસાદની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૩૭-૩૮ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૯ થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેશે તેમ હવામાન પૂર્વાનુમાનના બુલેટીન નં. ૨૦ માં જમાવાયુ છે.
- ૧૧ જૂનથી ધાર્મિક સ્થળો ખોલી શકાશે તેવો નિર્ણય આજે મળેલ કોર કમિટીની બેઠકમાં લેવાયો છે.
- સદસ્ય નિવાસમાં ગઈકાલે રાત્રે બનેલ છેડતીના બનાવની ઘટનાએ નગરજનોને ચોંકાવી દીધા છે.

# લાઈફ ટાઈમ ગોલ્ડન એચીવમેન્ટ એવોર્ડથી ડૉ. હિમાંશુ પટેલનું સન્માન

**રાષ્ટ્રીય અને સામાજિક વિકાસ માટે યુવા વયથી નોંધપાત્ર યોગદાન આપનાર રાજકીય અને સહકારી આગેવાન ડો. હિમાંશુ પટેલનું અનેકવિધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ યોગદાન**

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્યમાં અનેકવિધ ક્ષેત્રે વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરી રાષ્ટ્રીય અને સામાજિક પ્રગતિ માટે નોંધપાત્ર યોગદાન આપનાર રાજકીય અને સહકારી આગેવાન ડૉ. હિમાંશુ પટેલને લાઈફ ટાઈમ ગોલ્ડન એચીવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ભારત રત્ન પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્હી દ્વારા ડૉ. હિમાંશુ પટેલે યુવા વયથી જ શૈક્ષણિક, રાજકીય, સામાજિક વિકાસ અને કાયદાકીય ક્ષેત્રે નિઃસ્વાર્થભાવે આપેલી સેવાઓને બિરદાવી આ સન્માન આપવામાં આવ્યું છે.

સંશોધન ક્ષેત્રે વૈશ્વિક નામના ધરાવતી ભારતરત્ન પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્હી દ્વારા પ્રતિષ્ઠાભર્યા લાઈફ ટાઈમ ગોલ્ડન એચીવમેન્ટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે. આ સંસ્થા દ્વારા રાજકીય, સામાજિક વિકાસ, ઈન્ડસ્ટ્રીઝ, કોમર્સ, લૉ,



શિક્ષણ, સિનેમા આર્કિટેકચર, એન્જિનિયરીંગ, મેડીસીન, ડ્રામા ક્ષેત્રે અભૂતપૂર્વ કામગીરી કરનાર ભાઈ- બહેનોને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. એક ખાસ ટીમ દ્વારા સમગ્ર દેશમાં સર્વે કરાવી કુલ ૮૨ પ્રતિભાશાળી વ્યક્તિઓની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

ભારત રત્ન પબ્લિસિંગ હાઉસ, નવી દિલ્હીનાં જનરલ સેક્રેટરી આર. કે. ચૌહાણ તેમજ એડીટર એન્ડ પબ્લિસર અજય ઠાકુરે જણાવ્યું છે કે રાષ્ટ્રીય અને સામાજિક વિકાસ માટે કોઈ સ્વાર્થ વિના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓનું આ એવોર્ડથી સન્માન કરવામાં આવે છે. જેમાં ગુજરાત રાજ્યમાં અનેકવિધ ક્ષેત્રોમાં યુવા વયથી જ શ્રેષ્ઠ પ્રદાન કરનાર જાણીતા રાજકીય અને સહકારી આગેવાન એડવોકેટ ડૉ. હિમાંશુ પટેલનું લાઈફ ટાઈમ ગોલ્ડન એચીવમેન્ટ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું છે.



**ધોરણ-૧૦ અને ૧૨ ના રીપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા એનએસયુઆઈની શિક્ષણ સચિવને રજુઆત**

ગુજરાત નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડીયા દ્વારા ગુજરાત શિક્ષણ બોર્ડ ગાંધીનગર ખાતે ધોરણ-૧૦ અને ૧૨ ના રીપીટર વિદ્યાર્થીઓની પરિક્ષા રદ કરી રીપીટર વિદ્યાર્થીઓને પણ માસ પ્રમોશન આપવામાં આવે તેવી લેખિત રજુઆત શિક્ષણ બોર્ડના સચિવને કરવામાં આવી હતી. આ પ્રસંગે એનએસયુઆઈના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સેક્ટર-૬ મજૂર માર્કેટ પાસેથી ચોરીના ૧૪ મોબાઈલ સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૬, ચિલોડા નજીક જીબાટા ટાઈલ્સ કંપનીના પાછળના ભાગે આવેલા મકાનો અને ગાંધીનગર રેલવે સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરેલા ૧૪ મોબાઈલ સાથે સેક્ટર-૬ કડીયાનાકા પાસેથી દિલિપજી શકરાજી ઠાકોર (ઉં.વ. ૨૭, રહે. ધણપ)ને એલસીબી પોલીસે પકડી પાડ્યો હતો. એલસીબી પોલીસમથકના પીએસઆઈ એ.જી. ચેતુરકાર પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા કોન્સ્ટેબલ ધીરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે એક શખ્સ સે. ૬ મજૂર માર્કેટમાં મોબાઈલ ફોન વેચવા માટે ફરે છે. જેથી પોલીસે આસમાની વાદળી કલરનો શર્ટ તથા ચોકડી ડિઝાઈન વાળુ નાઈટી પહેરેલ છે. જેના હાથમાં વાદળી કલરની થેલીમાં મોબાઈલ ફોન ભરેલા છે. જેથી પોલીસે તેને પકડી પાડી રૂ. ૧,૭૨ લાખના ૧૪ મોબાઈલ ફોન કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેક્ટર-૩ બી ઉપપ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ રાજપૂતની વરણી

ગાંધીનગર, તા.૯

વસાહત મંડળ સેક્ટર-૩ બી ની ગત તા.૬ જુનના રોજ કારોબારીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વસાહત મંડળ સેક્ટર-૩ બી ના ઉપપ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ પી.રાજપુત (એડવોકેટ)ની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે તેમ વસાહત મંડળના મંત્રી રમેશ પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.



**કોલવડા આર્યુવેદ કોલેજના અધિકારીઓને પ્રમાણપત્ર આપી નવાજ્યા**

આર્યુવેદ હોસ્પિટલ કોલવડા તેમજ ડેઝિગ્નેટેડ કોવીડ હેલ્થ સેન્ટર ખાતે કોવીડની કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓ સહિત નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવનાર વૈધ સ્વીટીબેન, વૈધ રાકેશ ભટ્ટ, વૈધ ચંદ્રેશ પટેલને કોરોના વોરીયર્સ તરીકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણી, ડો.ઉમેશ વૈષ્ણવ તેમજ વૈધ હર્શિતભાઈ શાહે પ્રમાણ પત્ર આપી નવાજ્યા હતા.




દૂરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર
(સમય પત્રક)

| ધોરણ | સમય |
|---|---|
| ૩ | ૯:૦૦ થી ૯:૩૦ |
| ૪ | ૯:૩૦ થી ૧૦:૦૦ |
| ૫ | ૧૦:૦૦ થી ૧૦:૩૦ |
| ૬ | ૧૦:૩૦ થી ૧૧:૦૦ |
| ૭ | ૧૧:૩૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૧૨:૦૦ થી ૧૨:૩૦ |
| ૧૦ | ૧૨:૩૦ થી ૧૩:૦૦ |
| ૮ | ૧૪:૩૦ થી ૧૫:૦૦ |
| ૯ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ |
| ૧ | ૧૬:૩૦ થી ૧૭:૦૦ (બુધવાર અને ગુરુવાર સિવાય) |
| ૨ | ૧૭:૦૦ થી ૧૭:૩૦ |

- **૧૦ જુન ૨૦૨૧ થી ૧૦ જુલાઈ ૨૦૨૧ સુધીનો કાર્યક્રમ**
- વિદ્યાર્થીઓને ગત વર્ષમાં અધ્યયન થયેલ બાબતોની સમજ અને મહાવરો– બ્રિજકોર્સ કરાવવાનો વિશેષ કાર્યક્રમ
- ગત વર્ષોની અધ્યયન નિષ્પત્તિઓ તેમજ ચાલુ વર્ષના ધોરણ માટે જરૂરી બાબતો ધ્યાને લઇ જુન ૨૦૨૧ થી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉપયોગી સાહિત્ય બ્રિજકોર્સ સ્વરૂપે
- ધોરણ ૧ માટે શાળા તત્પરતા, ધોરણ ૨ અને ૩ માટે વર્ગ તત્પરતા
- ધોરણ ૪ થી ૯ માટે ગુજરાતી, ગણિત અને અંગ્રેજી તેમજ ધોરણ ૧૦ માટે ગુજરાતી, ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન વિષયનો સમાવેશ
- રાજ્યની બધી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, KGBV, મોડલ સ્કુલ, મોડલ ડે સ્કુલ તેમજ આશ્રમશાળાના વિદ્યાર્થીઓને આ પુસ્તિકા પહોચાડવાનું આયોજન
- સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ પરથી પણ આ સાહિત્ય ડાઉનલોડ કરી શકાશે
- **તા. ૧૦ જુનથી જ્ઞાનસેતુ કાર્યક્રમનું દૂરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર ચેનલ પરથી પ્રસારણ તેમજ બાયસેગની વંદે ગુજરાત ચેનલ પરથી પણ ધોરણવાર આ એપિસોડનું પ્રસારણ**
- આ એપિસોડનું વોટ્સએપ ગ્રુપ દ્વારા દરરોજ લિંક મોકલવાનું આયોજન
- ભારત સરકારના દીક્ષા પ્લેટફોર્મ તેમજ સમગ્ર શિક્ષા વેબસાઈટ WWW.SSA GUJARAT .ORG પરથી પણ એપિસોડ નિહાળી શકાશે
- આ અધ્યયન પ્રક્રિયામાં શિક્ષકમિત્રો દ્વારા બાળકોને નિયમિત માર્ગદર્શન આપવામાં આવશે

**વિદ્યાર્થીઓના શિક્ષણ માટે અને તેમના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ બનીએ.**
**-શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ૯ જુલાઈએ પરીક્ષા

## હિસાબનીશ, ઓડિટર, પેટા તિજોરી અધિકારીની ભરતી : પરીક્ષા માટે અમદાવાદ ને ગાંધીનગરમાં સેન્ટર ફાળવાયા

ગાંધીનગર, તા. ૯

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે પરીક્ષાની તારીખ જાહેર કરી છે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હિસાબનીશ, ઓડિટર, પેટા તિજોરી અધિકારીની ભરતી માટે પરીક્ષાની તારીખ જાહેર કરી છે. ૯ જુલાઈના રોજ આ પરીક્ષા યોજાશે. આ પરીક્ષા માટે અમદાવાદ અને ગાંધીનગરમાં સેન્ટર ફાળવવામાં આવ્યા છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા એક પત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત ગૌણ સેવા પંસદગી મંડળ ગાંધીનગર દ્વારા હિસાબનીશ/ ઓડિટર / પેટા તિજોરી અધિકારી વર્ગ-૩ સંવર્ગ માટે તા. ૨૩ જૂલાઈ ૨૦૧૯ ના રોજ જાહેરાત ક્રમાંક ૧૮૪/ ૨૦૧૯૨૦ પ્રસિદ્ધ કરી ઓનલાઈન અરજી પત્રકો મેળવવામાં આવેલા હતા અને ઉપરોક્ત અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણીના અંતે લાયક ઠરેલા ઉમેદવારોની જાહેરાતમાં વર્ણવ્યા મુજબની પ્રથમ તબક્કાની એમસીક્યુ-ક્યુએમઆર પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ૦૨ મે ૨૦૨૧ ના રોજ યોજવાનું નક્કી કર્યુ હતું.

પરંતુ કોવિડ-૧૯ ની મહામારીના કારણે મોકૂફ રાખવામાં આવી હતી. જે હવે આગામી જુલાઈ ૨૦૨૧ ના માસ દરમિયાન ગાંધીનગર અને અમદાવાદ ખાતે જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજવાનો મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. સ્પર્ધાત્મક લેખીત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા માટે નો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના દસ દિવસ પહેલા મંડળની વેબસાઈટ https:// gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે.